**મે. સુરતના ચોથાં એડી. સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નંબર ૧૯૧૭૭ સને ૨૦૨૫**
**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપીઃ – મુકેશકુમાર ગીગારામ રાણા
ફલ્લગુનોઃ – બી.એન.એસ. કલમ – ૨૮૫ મુજબ

**// ચુકાદો //**

ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે ક, આ કામનો આરોપીએ બનાવ સ્થળે અને સમયે પોતાનું વાહન જાહેર રોડ પર જાહેર સ્થળે ટ્રાફીકને અડચણ થાય તથા રાહદારીને અડચણ થાય તે રીતે ભય જનક સ્થિતીમાં મુકી રાખી તેમજ કોઇ મોટો અકસ્માત થાય તે રીતે પાર્ક કરી તમો આરોપીએ બી.એન.એસ. કલમ – ૨૮૫ મુજબનો ગુનો કરેલ છે.

આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીએ કરેલી કબુલાત એ કોઇના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીનો પ્રથમ ગુનો છે અને ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હીતમાં આરોપીની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

આ કામના આરોપી ને બી.એન.એસ.એસ. ની કલમ – ૨૭૫ હેઠળ બી.એન.એસ. કલમ – ૨૮૫ મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી ને રૂ૰ ૧૦૦૦/– (અંકે રુપીયા એક હજાર પુરા)નો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલનો નીયમ મુજબ ખરાઇ કરી નીકાલ કરવો.

હુકમ આજ તારીખ ૦૮ માહે માર્ચ ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા. ૦૮/૦૩/૨૦૨૫**
**સુરત.**

**(કે.એ. મારવાહા)**
**ચોથાં એડી. સીવીલ જજ અને**
**જે.એમ.એફ.સી. સુરત**
**યુનીક આઇ.ડી.કોડ નં. જીજે૦૧૫૫૮**